ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ । e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૪ અંક : ૬ * * * સંવત ૨૦૮૨ આસો સુદ આઠમ, સોમવાર ૧૯ ઓક્ટોબર, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯

પાનાં ૧૨+૮ કિંમત ₹ ૫.૦૦

ગ્વાલિયરમાં શ્રદ્ધાળુઓ પર ટ્રક ફરી વળતા 15નાં મોત

શીતળા માતાના મંદિરે નવરાત્રિની પૂજા માટે હજારો લોકો ભેગા થયા હતા ત્યારે દુર્ઘટના બની, 25થી વધુ ઘાયલ

ભાગી છૂટેલો ટ્રક ડ્રાઇવર બાદમાં પકડાઇ ગયો, બ્રેક ફેઇલ થઇ હોવાની શંકા

બનાવ અંગે મેજીસ્ટ્રેટ તપાસનો આદેશ, આઠ પોલીસ કર્મચારીઓ સસ્પેન્ડ

ગ્વાલિયર/ભોપાળ, તા. 18 (PTI): મધ્ય પ્રદેશના ગ્વાલિયર જિલ્લામાં રવિવારે વહેલી સવારે એક મંદિર બહાર શ્રદ્ધાળુઓની ભીડમાં ઝડપથી આવતી ટ્રક ઘૂસી જતાં ઘણા કિશોરો સહિત ૧૫ લોકોના મોત થયા છે અને ૨૫થી વધુ લોકો ઘાયલ થયા છે.

પોલીસ અને પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, પંજાબ રજિસ્ટ્રેશન નંબર ધરાવતી ચોખા ભરેલી આ ટ્રક રાત્રે આશરે ૧:૩૦ વાગ્યે ચીનાર રોડ પરના 'નો-એન્ટ્રી' ઝોનમાં ઘૂસી ગઈ હતી. ટ્રક અચાનક વાવાઝોડાની જેમ આવી હતી અને દર્શનની રાહ જોઈ રહેલા શ્રદ્ધાળુઓ તથા રસ્તા કિનારે આવેલી દુકાનો સાથે અથડાઈને ૧૨૫ વર્ષ જૂના શીતળા માતા મંદિરના પ્રવેશદ્વાર સાથે ભટકાઈ ગઈ હતી. અધિકારીઓએ જણાવ્યું કે ટક્કર એટલી જોરદાર હતી કે મંદિરની દીવાલનો એક ભાગ ધરાશાયી થઈ ગયો હતો, જેના કાટમાળ નીચે ઘણા લોકો દબાઈ ગયા હતા. ટ્રક ડ્રાઈવર ઘટનાસ્થળેથી ભાગી ગયો હતો, પરંતુ પોલીસે શોધખોળ કરીને પાછળથી તેની ધરપકડ કરી લીધી હતી. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આ જાનહાની પર દુ:ખ વ્યક્ત કરતા શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી.

સરકારી નિવેદન અનુસાર, વડાપ્રધાન મોદીએ આ દુર્ઘટના પર શોક વ્યક્ત કર્યો હતો અને 'પ્રાઇમ મિનિસ્ટર્સ નેશનલ રિલીફ ફંડ'માંથી મૃતકોના સ્વજનોને ૨-૨ લાખ રૂપિયા અને ઘાયલોને ૫૦,૦૦૦ રૂપિયાની આર્થિક સહાય આપવાની જાહેરાત કરી હતી. મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવે મૃતકોના પરિવારજનોને ૪ લાખ રૂપિયા, ગંભીર રીતે ઘાયલ થયેલા લોકોને ૨ લાખ રૂપિયા અને અન્ય ઘાયલોને ૫૦,૦૦૦ રૂપિયાની સહાય આપવાની જાહેરાત કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે ગંભીર ઘાયલોની સારવારનો તમામ ખર્ચ રાજ્ય સરકાર ભોગવશે. આ મંદિર ગ્વાલિયર શહેરની બહાર આવેલું છે અને નવરાત્રિની પૂજા માટે ત્યાં હજારો લોકો ભેગા થયા હતા. મુખ્યમંત્રી યાદવે આ ઘટનાની મેજિસ્ટ્રેટ તપાસના આદેશ આપ્યા છે અને નવ પોલીસ કર્મચારીઓ સામે કાર્યવાહી કરી છે. તેમણે ગ્વાલિયરના સિટી સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ(CSP)ને હટાવવાનો તથા ત્રણ સ્ટેશન હાઉસ ઓફિસર (SHO), એક ટ્રાફિક ઇન્સ્પેક્ટર, એક હેડ કોન્સ્ટેબલ અને ત્રણ કોન્સ્ટેબલને સસ્પેન્ડ કરવાનો નિર્દેશ આપ્યો છે.

સંખ્યાબંધ લોકો ઇજાગ્રસ્ત: સ્થાનિક હોસ્પિટલો ઉભરાતાં અન્ય શહેરોની હોસ્પિટલોમાં ઇજાગ્રસ્તોને લઇ જવાયા

કેનેડાના આલ્બર્ટા લશ્કરી થાણામાં મોટી આગ : ઘણાંનાં મોત

લશ્કરી મથકમાં ઘાતક બનાવ પછી આગ લાગ્યાનું જણાવાયું, પણ વિગતો જાહેર ન થઇ, મૃતકો કે ઘાયલોની પણ સંખ્યા ન જણાવાઇ

એડમોન્ટન (કેનેડા), 18 (AP): કેનેડાના સંરક્ષણ પ્રધાને શનિવારે જણાવ્યું હતું કે આલ્બર્ટામાં એક લશ્કરી બેઝ પર બનેલી ઘટના અને તેના કારણે લાગેલી ભીષણ આગમાં કેટલાક લોકોનાં મોત થયા છે અને ઈજાગ્રસ્ત થયા છે. આ સાથે જ અહેવાલોમાં જણાવવામાં આવ્યું હતું કે મોટી સંખ્યામાં ઈજાગ્રસ્તોને હોસ્પિટલોમાં ખસેડવામાં આવી રહ્યા છે.

તેજ પવનોએ કેનેડિયન ફોર્સીસ બેઝ વેનરાઇટથી આગળ વધીને આસપાસના ગ્રામીણ વિસ્તારો સુધી જ્વાળાઓ ફેલાવી દીધી હતી, જેના કારણે ફાયર બ્રિગેડની ટીમો મોડી રાત સુધી જહેમત ઉઠાવતી રહી હતી. કેટલા લોકોનાં મોત થયા કે ઈજાગ્રસ્ત થયા તે હજુ સુધી સ્પષ્ટ થયું નથી, પરંતુ ૧૮૦ કિલોમીટર ઉત્તર-પશ્ચિમમાં આવેલા એડમોન્ટન શહેરની એક હોસ્પિટલના ડોક્ટરે કેનેડાના રાષ્ટ્રીય પ્રસારણકર્તાને જણાવ્યું કે બેઝની આસપાસની સ્વાસ્થ્ય સુવિધાઓ દર્દીઓની સંખ્યાથી ભરાઇ થઇ ગઇ હોવાથી શહેરભરની હોસ્પિટલોમાં દર્દીઓને લાવવામાં આવી રહ્યા છે. સીબીસી ન્યૂઝ સાથે વાત કરતા રોયલ એલેક્ઝાન્ડ્રા હોસ્પિટલના ઇમરજન્સી ડિપાર્ટમેન્ટના ચિકિત્સક ડો. વારેન થિર્સ્ક જણાવ્યું, "આટલી મોટી સંખ્યામાં દર્દીઓ એડમોન્ટન શહેર માટે પણ સંભાળવા મુશ્કેલ બની જાય. આ અત્યારે અમારામાંથી કોઇ પણ ગણી શકે તેના કરતા પણ વધુ દર્દીઓ છે. આ એક આપત્તિ છે. દર ૧૫ થી ૨૫ વર્ષમાં એક વાર સર્જાતી આ એક આપત્તિ છે." બેઝની નજીક આવેલા વેનરાઇટ શહેરમાં આશરે ૭,૦૦૦ રહેવાસીઓ છે.

ફાયર ફાઇટર્સે એક અસ્થિર પરિસ્થિતિનો સામનો કરવો પડ્યો હતો. દિવસ દરમિયાન પ્રાંતના મોટાભાગના વિસ્તારોમાં ૧૦૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ફૂંકાયેલા પવનના તોફાને ત્રાટક્યું હતું. આ પવને કેટલાક વૃક્ષો ઉખડી નાખ્યા હતા, સાઇનબોર્ડ્સ ઉડાડ્યા હતા અને કચરાપેટીઓને રસ્તા પર ગબડાવી દીધી હતી. રાત્રિના ૧૧ વાગ્યા સુધીમાં, વેનરાઇટના મ્યુનિસિપલ ડિસ્ટ્રિક્ટે સોશિયલ મીડિયા પર જણાવ્યું કે આગ પર કાબૂ મેળવવામાં આવી રહ્યો છે અને મિલકત તેમજ મહત્વપૂર્ણ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સુરક્ષિત છે. રહેવાસીઓ માટે કોઈ સ્થળાંતર આદેશ ન હતો.

પાકિસ્તાને ભારતીય વિમાનો પરની એરસ્પેસબંધી 24 નવેમ્બર સુધી લંબાવી

ઇસ્લામાબાદ, તા. 18 (PTI): પાકિસ્તાને એરપોર્ટ્સ ઓથોરિટીના જણાવ્યા અનુસાર, ભારતીય રજિસ્ટર્ડ વિમાનો તથા ભારતીય એરલાઇન્સ દ્વારા માલિકી ધરાવતા, સંચાલિત કે લીઝ પર લીધેલા વિમાનો પરની પોતાની એરસ્પેસબંધી વધુ એક મહિના માટે એટલે કે 24 નવેમ્બર સુધી લંબાવી છે. બંને પાડોશી દેશો વચ્ચેના તણાવપૂર્ણ સંબંધો વચ્ચે આ પ્રતિબંધ, જે શરૂઆતમાં 23 એપ્રિલ 2025ના રોજ લાદવામાં આવ્યો હતો, ત્યારથી સમયાંતરે લંબાવવામાં આવી રહ્યો છે. પાકિસ્તાન એરપોર્ટ્સ ઓથોરિટી (પીએઓ) એ શનિવારે 'એક્સ' પર એક પોસ્ટમાં આ લંબાવવાની જાહેરાત કરી હતી, જેમાં જણાવ્યું હતું કે, આ પ્રતિબંધમાં લશ્કરી ઉડાનો પણ સામેલ છે. સત્તાવાળાઓના જણાવ્યા અનુસાર, આ નવી મુદત 24 નવેમ્બર 2026ના રોજ સવારે 4:59 વાગ્યા (સ્થાનિક સમય) સુધી અમલમાં રહેશે. જિયો ન્યૂઝના અહેવાલ મુજબ, પીએઓના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, પ્રતિબંધ લંબાવવા માટે એક નવું નોટિસ ટુ એરમેન (નોટામ) જારી કરવામાં આવ્યું છે. પાકિસ્તાન સિવિલ એવિએશન ઓથોરિટી

...અનુસંધાન પાના 2 પર

રશિયાને ગ્રેહામ એક્ટમાંથી મુક્તિ આપવાનો મારો નિર્ણય ઘણાં સમજી શક્યા નથી : ટ્રમ્પ

રશિયાને વ્યાપક પ્રતિબંધમાંથી મુક્તિ આપવાના નિર્ણયને ટ્રમ્પે અમેરિકા અને વિશ્વ માટે ખૂબ જ સારો નિર્ણય ગણાવ્યો

ટેરિફ મુક્તિના આ પગલાંની વૈશ્વિક અસરનું વિશ્લેષણ કરવા માટે આ 60 દિવસનો વિરામ છે : વિદેશ મંત્રી રૂબિયો

વાશિંગ્ટન, તા. 18 (PTI): તીવ્ર ટીકાઓનો સામનો કરી રહેલા અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે તેમણે એક નવા કાયદા હેઠળ રશિયાને વ્યાપક પ્રતિબંધોમાંથી મુક્તિ આપવાનો સારો નિર્ણય લીધો છે અને દાવો કર્યો હતો કે ઘણા લોકોને એ ખબર નથી કે તેનો વાસ્તવિક અર્થ શું છે.

તમારામાંથી ઘણા લોકોને હજુ સુધી એ ખબર નથી કે મારો નિર્ણય શું છે, પરંતુ અમે તેને સમજી લઈશું, અને તમે પણ સમજી જશો, શનિવારે સાંજે મિયામીના માર-એ-લાગો રિસોર્ટમાં પત્રકારો સાથે વાતચીતમાં ટ્રમ્પે આ મુજબ જણાવ્યું હતું. આ એક ખૂબ જ સારો નિર્ણય છે, અને તે એવો નિર્ણય સાબિત થશે જે દેશ માટે સારો છે, અને મને લાગે છે કે વિશ્વ માટે પણ સારો છે કારણ કે આપણે ખરેખર એક વૈશ્વિક મંચ પર છીએ, ટ્રમ્પે કહ્યું. શુક્રવારે, ટ્રમ્પે એક વહીવટી આદેશ પર હસ્તાક્ષર કર્યા હતા, જેમાં રશિયાને એક નવા પ્રતિબંધ કાયદા - 'ગ્રેહામ એક્ટ'માંથી મુક્તિ આપવામાં આવી છે, જેને ગયા મહિને અમેરિકી કોંગ્રેસે પસાર કર્યો હતો. આ વહીવટી આદેશમાં

...અનુસંધાન પાના 2 પર

દેશમાં ચાલુ વર્ષે ખાંડ આધારિત ઇથેનોલ પર પ્રતિબંધ

ઇથેનોલ ખરીદી માટેના ટેન્ડરોમાંથી ખાંડ, શેરડીના રસ, બી-હેવી મોલાસીસમાંથી બનાવવામાં આવતા ઇથેનોલને બાકાત કરાયું

ઇથેનોલ માટે મકાઇની ખરીદી સંબંધે પણ ખેડૂતો માટે પ્રોત્સાહનની રકમ ઘટાડવામાં આવી

નવી દિલ્હી, તા. 18 (PTI): સરકારી તેલ માર્કેટિંગ કંપનીઓએ પેટ્રોલવાળા મિશ્રણ માટે ૨૦૨૬-૨૭ના પુરવઠા વર્ષના તેમના તાજેતરના ખરીદી ટેન્ડરમાંથી શેરડીના રસ, ખાંડની સીરપ અને B-હેવી મોલાસીસમાંથી બનાવવામાં આવતા ઇથેનોલ પર પ્રતિબંધ મૂક્યો છે. સરકાર સ્થાનિક સ્તરે ખાંડના પુરવઠાનું રક્ષણ કરવાની સાથે દેશવ્યાપી પેટ્રોલ-બ્લેન્ડિંગ પ્રોગ્રામને ચાલુ રાખવા માંગે છે.

ઓઇલ માર્કેટિંગ કંપનીઓ વતી ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ(BPCL) દ્વારા ૧૬

...અનુસંધાન પાના 2 પર

હરિયાણાના કરનાલ જિલ્લામાં વિવાદને પગલે થયેલા પથ્થરમારામાં બેની અટકાયત

શ્રીનગર જતી બસ પર હરિયાણામાં પથ્થરમારો, બે ઘાયલ

કરનાલ, તા. 18 (PTI): હરિયાણાના કરનાલ જિલ્લામાં એક વિવાદ બાદ જમ્મુ-કાશ્મીર તરફ જતી બસ પર કથિત રીતે પથ્થરમારો કરવા બદલ બે શખ્સોને પકડવામાં આવ્યા છે, જેના કારણે એક મુસાફર અને ઢાબાનો કર્મચારી ઈજાગ્રસ્ત થયા છે. એમ પોલીસે રવિવારે જણાવ્યું હતું. આ ઘટના પર જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ પ્રતિક્રિયા આપી હતી અને જણાવ્યું હતું કે તેમની ઓફિસે હરિયાણા સરકાર સમક્ષ આ મામલો ઉઠાવ્યો છે. અબ્દુલ્લાએ જણાવ્યું હતું કે, હરિયાણા વહીવટીતંત્રે કાયદા અનુસાર ત્વરિત અને કડક કાર્યવાહીની ખાતરી આપી છે.

...અનુસંધાન પાના 2 પર

એચ-1બી વિઝાધારકો માટે ગિરમિટિયા શબ્દપ્રયોગનો વાન્સે બચાવ કર્યો

આ શબ્દ પોતે કંપનીઓની ટીકા માટે વાપર્યો હતો, ઇમિગ્રન્ટ્સની ટીકા માટે નહીંનો વાન્સનો ખુલાસો

આ બોલતી વખતે પોતાની ભાષા ત્રુટિપૂર્ણ હોવાનું પણ તેમણે કબુલ્યુ

વોશિંગ્ટન, તા. 18 (PTI) : અમેરિકાના ઉપરાષ્ટ્રપ્રમુખ જે. ડી. વાન્સે સ્વીકાર્યું છે કે જ્યારે તેમણે H-1B વીઝા ધરાવતા વિદેશી વ્યાવસાયિકો માટે 'ગિરમિટિયા' શબ્દનો ઉપયોગ કર્યો હતો, ત્યારે તેમની ભાષા 'ત્રુટિપૂર્ણ' હતી.

તેમણે સ્પષ્ટતા કરી હતી કે તેમનો કહેવાનો ભાવાર્થ અમેરીકન કંપનીઓ અને વીઝા વ્યવસ્થા તરફ હતો, નહીં કે H-1B વીઝા ધારકો પ્રત્યે. ભારતે વિદેશી વ્યાવસાયિકો માટે વપરાયેલી ભાષા સામે ભારે વાંધો ઉઠાવ્યો હતો અને આ શબ્દપ્રયોગને 'અત્યંત વાંધાજનક' ગણાવ્યો હતો. ભારતે જણાવ્યું હતું કે આ શબ્દ દર્દનાક ઐતિહાસિક અને સંસ્થાનવાદી વારસાની યાદ અપાવે છે. શનિવારે સીબીએસ ન્યૂઝ ટાઉનહોલ કાર્યક્રમમાં બોલતા,

...અનુસંધાન પાના 2 પર

વૈશ્વિક નાણાકીય નેતૃત્વના પાકિસ્તાનના દાવાને IMFના માજી ડિરેક્ટરે ફગાવ્યો

74 વર્ષ પછી પાકિસ્તાનને IMFની અધ્યક્ષતા મળી રહી છે તે બાબતને પાકિસ્તાને 'ઐતિહાસિક સીમાચિન્હરૂપ' ગણાવી હતી

નવી દિલ્હી, તા. 18 (PTI): આંતરરાષ્ટ્રીય મુદ્રા કોષમાં ભારતના ભૂતપૂર્વ કાર્યકારી નિર્દેશક કૃષ્ણમૂર્તિ વી. સુબ્રમણ્યને રવિવારે વૈશ્વિક નાણાકીય નેતૃત્વમાં પાછા ફરવાના 'ઐતિહાસિક સીમાચિહ્ન' તરીકેના પાકિસ્તાનના દાવાને ફગાવી દીધો છે. તેમણે સ્પષ્ટતા કરી છે કે IMF અને વર્લ્ડ બેંક બોર્ડ ઓફ ગવર્નર્સના અધ્યક્ષ પદ સંપૂર્ણપણે ઔપચારિક છે અને વાર્ષિક ધોરણે ફરે છે. એક્સ (X) પર એક પોસ્ટમાં સુબ્રમણ્યને

...અનુસંધાન પાના 2 પર

તા. ૧૮-૧૦-૨૦૨૬નું વડોદરા શહેરનું

હવામાન

વરસાદ (૧૮.૦૦ કલાક સુધી)	આજનો 0.0 મીમી	મોસમનો ૬૬૨ મીમી

તાપમાન	મહત્તમ	લઘુત્તમ	ભેજ
	૩૭.૪ સે.	૨૪.૪ સે.	૪૦%

માસિક ધર્મ સ્વચ્છતા : કેન્દ્રને જવાબ ન આપવા બદલ રાજ્યો સામે સુપ્રીમ નારાજ

ચુકાદાનો અમલ કાગળ પર ન રહી જાય તે માટે કેન્દ્ર સરકારને કડક રિપોર્ટ મંગાવવા નિર્દેશ આપ્યો

માસિક ધર્મ સ્વચ્છતા કલમ 21 હેઠળ મૂળભૂત અધિકાર, રાજ્યોને અવમાનના નોટિસ ફટકારવાની ચેતવણી

નવી દિલ્હી, તા. 18 (PTI) : બંધારણની કલમ 21 હેઠળ માસિક ધર્મ સ્વચ્છતાને મૂળભૂત અધિકાર જાહેર કરતા ચુકાદાના અમલીકરણ અંગે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો દ્વારા કેન્દ્ર સરકારને જવાબ ન આપવા બદલ સુપ્રીમ કોર્ટે ભારે નારાજગી વ્યક્ત કરી છે. જસ્ટિસ જે બી પારડીવાલા અને જસ્ટિસ આર મહાદેવનની પીઠે ટિપ્પણી કરી હતી કે જો

...અનુસંધાન પાના 2 પર

સુપ્રીમ કોર્ટ દ્વારા અપાયા નિર્દેશ

- શાળાઓમાં શૌચાલય અને પેડની સુવિધા અંગેના નિર્દેશો
- તમામ સરકારી અને ખાનગી શાળાઓમાં ગર્લ્સ માટે અલગ અને કાર્યરત શૌચાલય બનાવવાનો આદેશ.
- શાળાઓમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓને વિનામૂલ્યે સેનિટરી નેપકિન પૂરા પાડવાના રહેશે.
- કેન્દ્ર સરકારે દેશની શાળાઓમાં 30458 શૌચાલયોનું નિર્માણ પૂર્ણ કર્યું છે અને 4236 નિર્માણાધીન છે.